અપીલ અરજી નં.૮૮ તા.૧–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિપુલ પટેલ
સામાવાળાઃ–ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિપુલ પટેલની તા.૧૩–૫–૦૯ ની અરજીથી માન્ય કરાયેલ કન્સલન્ટન્ટ શ્રી જયેશ એ. દલાલને એમ્પેન્લમેન્ટ કરાયેલ છે. (૧) તેમના ક્રાઈટેરીયાની વિગત તેમજ તેમના ધ્વારા ભરવામાં આવેલ રજીસ્ટર ફોર્મની નકલ(ર) તેમના ધ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી તેમજ ટેકનીકલ બીડની નકલ(૩) તેમના ધ્વારા રજૂ કરવામાં આવેલ ટેકનીકલ સ્ટાફની વિગતો, અનુભવના સર્ટીફીકેટ, ટેકનીકલ સ્ટાફની લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો (૪) એમ્પેન્લમેન્ટ થયાની રજીસ્ટર કોપીની નકલ (૫) એમ્પેન્લમેન્ટ મંજુર કરનાર અધિકારીની વિગત (૬) એમ્પેનલમેન્ટ માટેના ટેન્ડરની નકલ પ્રીબીડ અને પોસ્ટ કવોલીફીકેશન બીડની નકલ વિગરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** **:**– અરજદાર મજકુરની તા.૧–૭–'૦૯ ની અપીલ અરજી નં.૮૮/૨૦૦૯–૧૦

શ્રી વિપુલ પટેલની તા.૧૩–૫–૦૯ ની અરજીથી માન્ય કરાયેલ કન્સલન્ટન્ટ શ્રી જયેશ એ. દલાલને એમ્પેન્લમેન્ટ કરાયેલ છે. (૧) તેમના ક્રાઈટેરીયાની વિગત તેમજ તેમના ધ્વારા ભરવામાં આવેલ રજીસ્ટર ફોર્મની નકલ(ર) તેમના ધ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી તેમજ ટેકનીકલ બીડની નકલ(૩) તેમના ધ્વારા રજૂ કરવામાં આવેલ ટેકનીકલ સ્ટાફની વિગતો, અનુભવના સર્ટીફીકેટ, ટેકનીકલ સ્ટાફની લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો (૪) એમ્પેનલમેન્ટ થયાની રજીસ્ટર કોપીની નકલ (૫) એમ્પેનલમેન્ટ મંજુર કરનાર અધિકારીની વિગત (૬) એમ્પેન્લમેન્ટ માટેના ટેન્ડરની નકલ પ્રીબીડ અને પોસ્ટ કવોલીફીકેશન બીડની નકલ વિગરે માહિતી આપવા બાબતે સ્પષ્ટ હોવા છતાં રૂબરૂ માહિતી માટે બોલાવો છો તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૩ તા.૯–૭–૦૯ થી ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ કરવા માંગતા હોય તો અપીલ અંગે આધાર અને વાજબીપણુ સહિત વિગતો ભરી રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઈ. સ્પે સેલ/આ.નં.૧૭૮ તા.૧૬–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેની સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. સીઈ સ્પે.સેલ/૯૯ તા.૮–૬–૦૯ થી ત્રાહિત તરીકે શ્રી દલાલને પાઠવેલ પત્ર, શ્રી દલાલે રજૂ કરેલ તા.૧૧–૬–૦૯ નો વાંધો રજૂ કરતો પત્ર તથા સીઈ સ્પે સેલ/૧૪૬ તા.૨૫–૬–૦૯ થી અરજદારને ઈન્સ્પેકશન કરી જવા તથા ઈચ્છે તે માહિતીની નકલો પૂરી પાડવા તૈયારી દર્શાવતા પત્રની નકલ રજૂ કરેલ છે. અરજદારે માંગેલ માહિતીનું વિષય વસ્તુ એકત્રિત માહિતી સ્વરૂપમાં હોય તેવું અનિવાર્ય નથી તેથી આ પ્રકારની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ પણ સમાવિષ્ટ થઈ શકે છે. આરટીઆઈ એકટની કલમ–૨(જી) હેઠળ ઘડવામાં આવેલ નિયમ–૩(૧) હેઠળના અરજી રસીદના ફોર્મમાં પણ ક્રમ નં.૩ થી અરજદાર જાહેર માહિતી અધિકારીનો રૂબરૂ સંપર્ક કરી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. એમ્પેનલમેન્ટ માટેના ટેન્ડરની નકલ પ્રીબીડ અને પોસ્ટ કવોલીફીકેશન બીડની નકલની વિગત તથા નોંધ વિભાગપ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વીસ પૂરી પાડવા જરૂરી ફી નકકી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરતો ઠરાવ નં.૨૦૫ /૨૦૦૮ ની નકલ પણ રજૂ કરેલ. જયારે અરજદારે અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં પણ અપીલ અંગેના આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૩–૫–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઈ. સ્પે./આ.નં.૧૪૬ તા.૨૫–૬–૦૯થી અરજદારને " એમ્પેનલમેન્ટના ટેન્ડર અંગે માહિતી બાબતે અત્રેની ઓફિસમાં રૂબરૂ આવી જરૂરી અભ્યાસ કરી જે માહિતીની જરૂ રહોય તે અંગે અત્રે જાણ કર્યેથી નિતિ નિયમ મુજબની ફી ભર્યેથી માહિતી નકલ આપવામાં આવશે." તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧–૭–૦૯ ના રોજ અપીલ અરજી કરી માંગવામાં આવેલી માહિતી કોઈ ગૂંચવણવાળી નથી તેમજ સ્પષ્ટ અને ચોખ્ખો ઉલ્લેખ કરી માંગવામાં આવેલ છે.જો આપને અમે શું માંગેલ છે તે જાણમાં ન આવતું હોય તો બધા કાગળો જે આપની પાસે હોય તે મોકલી આપશો.જે બદલ અગર વધુ પ્રમાણમાં રકમ ચૂકવવાની થશે તે અમારા ધ્વારા તાત્કાલિક ભરી દેવામાં આવશે તેવું જણાવેલ છે. આમ અરજદારને અત્રેથી માહિતી મેળવવા બાબતે તકરારનું કારણ જણાય છે. માહિતીની વિગતો જોતાં મુદ્દા નં.૩ ની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૮(૧) (ડી) હેઠળ વાણિજયક ગોપનીયતા તથા ધંધાકીય રહસ્ય અને બૌધિક સંપદાની વિગતો જે જાહેર કરવાથી ત્રાહિતની સ્પાર્ધાત્મક સ્થિતિને નુકશાન પહોંચાડે તેવી વિગતો જાહેર કરવા પર અપવાદ હેઠળ મુકવામાં આવેલ હોવાનું પ્રાવધાન કરવામાં આવેલ છે તેથી સીવી. ની માહિતી આપવા અસંમતિ દર્શાવે તો અરજદારને આપી શકાય નહીં તે મુજબ ત્રાહિત વ્યકિતએ તેમના પત્ર નં. પીએમસી/કોસાડ/જન./આ.નં.૭૧૪ તા.૧૧–૬–૦૯ થી અસંમતિ દર્શાવેલ છે. આથી અરજદારને આ સિવાયની માહિતી પૂરી પાડવાની રહે છે. જે માહિતી બાબતે અરજદારે નિયત ફી ભરી પોતાના સ્થાનિક એડ્રેસ અમદાવાદ ખાતે મેળવવા માંગે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈની કલમ૮(૧)(ડી) સિવાયની માહિતી અંગે અરજદાર જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગત દફતરની તપાસણી કરી જાહેર માહિતી અધિકારીએ દર્શાવેલ તૈયારી મુજબ કલમ–૭(૩) સાથે નિયમ –૫ (બી) હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી નકલો મેળવી શકે છે. જાહેર માહિતી અધિકારીએ માહિતીનો ઈન્કાર કરેલ ન હોઈ તથા અરજદારને તપાસણીની તક આપવા છતા તેઓ માહિતી મેળવી ગયેલ ન હોઈ અપીલમાં વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૭ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિપુલ પટેલ,